સંક્ષિપ્ત સમાચાર

કાલોલ ની સી બી ગર્લ્સ હાઈસ્કુલ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી

કાલોલ : શ્રીમતી સી.બી. ગર્લ્સ હાઇસ્કૂલ, કાલોલ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ 'ગુરુપૂર્ણિમા'ની ઉજવણી ખૂબ જ શ્રદ્ધા, ઉત્સાહ અને ભક્તિસભર વાતાવરણમાં કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત સવારે શાળાના પ્રાર્થનાખંડમાં કરવામાં આવી હતી. સૌપ્રથમ શાળાના આચાર્ય અને શિક્ષકગણ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણની પ્રતિમા સમક્ષ દીપ પ્રાગટ્ય કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓ દ્વારા 'ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ'ના શ્લોકગાન અને મનોહર પ્રાર્થના સાથે વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. વિદ્યાર્થીઓએ તમામ શિક્ષકોને પુષ્પગુચ્છ આપીને તેમના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લીધા હતા. ગુરુપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે શાળામાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગૌરીવ્રત નિમિત્તે કલરવ શાળામાં જવારા હરીફાઈમાં 119 વિદ્યાર્થીઓએ ભાગ લીધો

હાલોલ : ભારતીય સંસ્કૃતિમાં તહેવારો માત્ર આનંદના અવસર નથી, પરંતુ આપણી પરંપરા, શ્રદ્ધા અને સંસ્કારો ના જીવંત પ્રતીક છે. આવા પાવન પ્રસંગે આયોજિત જવારા હરીફાઈ એ ભક્તિ, સૌંદર્ય અને સર્જનાત્મકનો અદભુત સમન્વય છે. તારીખ 28/7/2026 ને મંગળવારના રોજ જવારા હરીફાઈ નું આયોજન કલરવ શાળામાં કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા કે.જી વિભાગના વાલીશ્રીઓ અને ધોરણ 1 થી 4 ના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ ના વિદ્યાર્થીઓ મળીને કુલ 119 વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો . આ સ્પર્ધામાં કે.જી વિભાગના વાલીશ્રીઓ તેમજ ધોરણ 1 થી 4 ના નાના ભૂલકાઓ દ્વારા ઘરેથી જવારા ઉગાડીને શાળામાં કલાત્મક રીતે પ્રસ્તુતિકરણ કરવામાં આવ્યું હતું.

સુખસર બી.એડ. કોલેજ ખાતે ગુરુપૂર્ણિમાએ ગુરુ સંત રવિદાસજી મહારાજને પુષ્પાંજલિ અપાઇ

સુખસર : સુખસર ખાતે આવેલી બી.એડ. કોલેજમાં ગુરુપૂર્ણિમાના પાવન અવસરે ગુરુ સંત રવિદાસજી મહારાજની પૂજા-અર્ચના અને પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગુજરાત સરકારના કૃષિ મંત્રી રમેશભાઈ કટારા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે સુખસર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ ડામોરે ભારત માતા કી જયના ઘોષ સાથે કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. ત્યારબાદ મહાનુભાવો દ્વારા ગુરુ સંત રવિદાસજી મહારાજને પુષ્પાંજલિ અર્પણ કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો. સંબોધનમાં કૃષિ મંત્રી રમેશભાઈ કટારાએ જણાવ્યું હતું કે,ગુરુ સંત રવિદાસજી મહારાજ માત્ર એક વ્યક્તિ નહીં,પરંતુ એક વિચાર અને એક પ્રેરણારૂપ નામ છે.

જમીન સર્વે દરમિયાન ખેડૂતોનો ઉગ્ર વિરોધ : ગોવિંદ ગુરુ લીમડી તાલુકામાં GIDC મુદ્દે ઉહાપોહ મચ્યો

કચલધરામાં જમીન સર્વે દરમિયાન ખેડૂતો ઉગ્ર થતા પોલીસે બળપ્રયોગ કરી લાઠીચાર્જ કર્યાનો આક્ષેપ

(પ્રતિનિધી) દાહોદ, તા.29

ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના કચલધરા ગામે પ્રસ્તાવિત હઝ મુદ્દે આજે પરિસ્થિતિ ભારે તંગ બની હતી. તંત્ર દ્વારા જમીન સર્વેની કામગીરી શરૂ કરવામાં આવતા મોટી સંખ્યામાં ખેડૂતો અને ગ્રામજનો સ્થળ પર એકત્ર થઈ વિરોધ નોંધાવ્યો હતો. વિરોધ ઉગ્ર બનતા પોલીસે બળપ્રયોગ કરી લાઠીચાર્જ કર્યો હોવાના ગ્રામજનો દ્વારા ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે. ઘટનાના વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા સમગ્ર જિલ્લામાં ભારે ચર્ચા જગાવી છે. ગતરોજ કલેક્ટરને આવેદન, આજે સીધો સર્વે શરૂ થતાં ખેડૂતોમાં આક્રોશ ગ્રામજનોના જણાવ્યા મુજબ ગતરોજ જ દાહોદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી હુઝ રદ કરવાની માંગ કરવામાં આવી હતી. ખેડૂતોનો દાવો છે કે કલેક્ટરે સ્થળ નિરીક્ષણ બાદ નિર્ણય લેવાની ખાતરી આપી હતી, પરંતુ તે પહેલાં જ આજે તંત્રે પોલીસ બંદોબસ્ત વચ્ચે સર્વે શરૂ કરી દેતા ગ્રામજનો માં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. અમારી એક ઈંચ જમીન પણ નહીં આપીએ ખેડૂતો નો પડકાર મધ્યપ્રદેશની સરહદે આવેલા આ વિસ્તારના ખેડૂતોનું કહેવું છે કે તેઓ વર્ષોથી પોતાના સર્વે નંબરોમાં ખેતી કરી રહ્યા છે. સરકાર કોઈપણ ભોગે તેમની જમીન લઈ શકશે નહીં અને અંતિમ શ્વાસ સુધી લડત ચાલુ રહેશે.ગામને પોલીસ છાવણીમાં ફેરવી દેવાયું હોવાનો દાવો ગ્રામજનોના કહેવા મુજબ સમગ્ર વિસ્તાર માં ૭૦૦થી ૮૦૦ જેટલા પોલીસ કર્મચારીઓ ખડકી દેવામાં આવ્યા હતા. ગામના દરેક રસ્તા અને ખેતરો તરફ પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવાયો હતો, જેના કારણે સમગ્ર ગામ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હોય તેવો માહોલ સર્જાયો હતો. મહિલાઓને ઈજા, ઘરોમાં તોડફોડ અને બેરહેમ મારપીટના આક્ષેપ વિરોધ કરી રહેલા ગ્રામજનોનો આક્ષેપ છે કે પોલીસે મહિલાઓ સહિત ખેડૂતો પર લાઠીઓ વરસાવી હતી. કેટલાક લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું તેમજ કેટલાક થરોમાં નુકસાન થયું હોવાનું પણ ગ્રામજનો જણાવી રહ્યા છે. હવામાં ઘટના દરમિયાન પોલીસેહવામાં ફાયરિંગ કર્યું હોવાનો પણ ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે. જોકે આ અંગે પોલીસ કે વહીવટી તંત્ર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી.

લોકશાહી દેશમાં રાજાશાહી વહીવટ ગ્રામજનોનો આક્રોશ

ગ્રામજનોનો આક્ષેપ છે કે સરકાર સ્થાનિક લોકો સાથે કોઈ ચર્ચા કર્યા વિના હુઝ લાદવાનો પ્રયાસ કરી રહી છે. ગ્રામસભામાં GIDCનો વિરોધ કરતો ઠરાવ પસાર થયા છતાં તેને અવગણીને સર્વે શરૂ કરવામાં આવ્યો છે. લોકશાહી દેશમાં પોતાના હક્ક માટે અવાજ ઉઠાવનારા ખેડૂતો પર બળપ્રયોગ કરવો એ લોકશાહી પર સીધો પ્રહાર હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે.

લીમખેડા પોલીસ દ્વારા દુધિયા ગામે જુગારના અડ્ડા પર દરોડો

દાહોદ : લીમખેડા પોલીસને મળેલી ચોક્કસ બાતમી આધારે પોલીસ ઇન્સ્પેક્ટર એસ.વી વસાવાના માર્ગદર્શન હેઠળ અને પી. એસ. આઈ. આર. જે.ચૌહાણ તથા પોલીસ દુધિયા ગામના તળાવ ફળિયામાં રેઇડ કરી હતી. ત્યાં કેટલાય .લોકો જમીન પર ગોળ કુંડાળું વળી ગંજી - પતાવળે હારજીતનો જુગાર રમતા જોવા મળતા પોલીસને સ્થળને કોડન કરીને પકડી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂપિયા 10, 300 રોકડા અને દાવપરના રૂ 2,350 તથા ચાર મોબાઈલ મળી કૂલ રૂ 32,650નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

કાલોલના દેવપુરા ગામે ટ્રાન્સફોર્મરના તાણિયામાં કરંટ ઊતરતાં ભેંસનું મોત

કાલોલ : પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના દેવપુરા (મલાવ) ગામે સીમ વિસ્તારમાં આવેલ એક ખેતરમાં MGVCL ના ટ્રાન્સફોર્મરના તાણિયામાં અચાનક વીજ કરંટ ઊતરતાં એક ભેંસનું કરુણ મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, દેવપુરા (મલાવ) ગામના રહીશ હિતેશભાઈ પ્રતાપભાઈ પરમાર (ઉં.વ. ૩૦) ની એક કાળા કલરની (પહેલા વેતર વાળી) ભેંસ નિરંજનભાઈ વ્યાસના ખેતરમાં હતી. તા. ૨૮/૦૭/૨૦૨૬ ના રોજ સવારના આશરે ૧૦:૦૦ વાગ્યાના સુમારે ખેતરમાં લગાવેલા એમ.જી.વી.સી.એલ. (MGVCL) ના ટ્રાન્સફોર્મરના સપોર્ટ વાયર (તાણિયા) માં અચાનક વીજળીનો કરંટ ઊતર્યો હતો.ભેંસ આ તાણિયાના સંપર્કમાં આવતાં જ તેને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો અને તે નીચે પડી જતાં ઘટનાસ્થળે જ મોતને ભેટી હતી. આ દુર્ઘટનાને કારણે પશુપાલકને આશરે 80,000/- નું આર્થિક નુકસાન થયું છે.

દાહોદ સબ જેલ ખાતે બંદીવાનો દ્વારા ભજન-સત્સંગનું આયોજન

(પ્રતિનિધી) દાહોદ, તા.29

જેલોના પોલીસ મહાનિદેશક ડૉ. કે.એલ.એન. રાવ, નાયબ જેલ મહાનિરીક્ષક આર.પી. બારોટ સાહેબ તેમજ વડોદરા ઝોનના જેલ મહાનિરીક્ષક સરોજકુમારી માર્ગદર્શન અને વિશેષ સૂચના અનુસાર જેલ વિભાગ દ્વારા ચાલી રહેલા "સકારાત્મક વિચારો દ્વારા પરિવર્તન" અભિયાન અંતર્ગત આજરોજ દાહોદ સબ જેલ ખાતે ગુરુપૂર્ણિમાના પાવન અવસરે ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જેલમાં રહેલા બંદીવાનો દ્વારા ભજન-કીર્તન, સત્સંગ તેમજ ગુરુ મહિમાનું સ્મરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન આધ્યાત્મિક જીવન, સદાચાર, સંસ્કાર અને સકારાત્મક વિચારસરણીના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું, જેના થકી બંદીવાનોમાં નૈતિક મૂલ્યો, આત્મચિંતન અને જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાની ભાવના વધુ દૃઢ બને તેવો પ્રયાસ કરવામાં આવ્યો. કાર્યક્રમના અંતે તમામ બંદીવાનોને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ, ભક્તિમય અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો. આવા ધાર્મિક અને પ્રેરણાદાયી કાર્યક્રમો દ્વારા બંદીવાનોમાં માનસિક શાંતિ, આત્મવિશ્વાસ અને સમાજના મુખ્ય પ્રવાહમાં પુનઃ જોડાવા માટે જરૂરી સકારાત્મક અભિગમ વિકસે તેવો જેલ વિભાગનો સતત પ્રયાસ છે.

લીમખેડા બાયપાસ હાઈવે પર એક મોટી દુર્ઘટના

અચાનક બ્રેક મારતા ચાલકે કાબુ ગુમાવતા તોતિંગ ટેલર હાઈવે પર પલટી ખાઈ ગયું

સિમેન્ટ વેરાઈ જતા હાઇવે પરથી પસાર થતા વાહનચાલકોને ભારે હાલાકી

(પ્રતિનિધી) દાહોદ, તા.29

લીમખેડા બાયપાસ હાઈવે પર રાત્રિના સમયે એક મોટી દુર્ઘટના થતા સહેજમાં અટકી ગઈ છે. રાજસ્થાનના બાંસવાડાથી સિમેન્ટ ભરીને વડોદરા તરફ જઈ રહેલું એક તોતિંગ ટ્રેલર અચાનક બ્રેક મારવા જતા કાબૂ ગુમાવી બેસતા હાઈવે પર પલટી ખાઈ ગયું હતું. સદનસીબે આ અકસ્માતમાં ટ્રેલરના ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયો હતો, પરંતુ રસ્તા પર સિમેન્ટ વેરાઈ જતા હાઈવે પરથી પસાર થતા અન્ય વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, ટ્રેલર ચાલક રમેશકુમાર ડોડીયાર રાજસ્થાનના બાંસવાડાથી પોતાના ટ્રેલરમાં સિમેન્ટની થેલીઓ ભરીને રાત્રિના સમયે વડોદરા ખાતે ડિલિવરી કરવા જઈ રહ્યા હતા. આદરમિયાન તેઓ જ્યારે લીમખેડા બાયપાસ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેમની આગળ જતા અન્ય એક ટ્રેલરના ચાલકે કોઈ અગમ્ય કારણસર અચાનક જ શોર્ટ (હાડ) બ્રેક મારી દીધી હતી. આગળના વાહનને અચાનક ધીમું પડેલું જોઈને રમેશ કુમારે પણ અકસ્માત નિવારવા પોતાના સિમેન્ટ ભરેલા ટ્રેલરની બ્રેક જોરથી મારી હતી. પરંતુ અચાનક બ્રેક વાગવાના કારણે અને વાહન ભારેખમ હોવાથી રમેશકુમારે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. પરિણામે, સિમેન્ટ ભરેલું આ ટ્રેલર હાઈવે પર જ ધડાકાભેર પલટી ખાઈ ગયું હતું. ટ્રેલર પલટી ખાઈ જવાના કારણે તેમાં ભરેલો માલસામાન રસ્તા પર ફંગોળાયો હતો. સિમેન્ટની થેલીઓ આખા રોડ પર વેરવિખેર (રેલમછેલ) થઈ ગઈ હતી.

વેજલપુરની સિદ્ધિ વિનાયક સોસાયટીમાંથી બાઈકની ચોરીથી લોકોમાં ભયનો માહોલ

કાલોલ : કાલોલ તાલુકાના વેજલપુર ગામ ખાતે આવેલી સિદ્ધિ વિનાયક સોસાયટીમાંથી એક અજાણ્યો ચોર ઈસમ રાત્રિના સમયે પાર્ક કરેલી પલ્સર મોટરસાયકલનું સ્ટેરિંગ લોક તોડી ચોરી કરી ફરાર થઈ ગયો હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ અંગે વેજલપુર પોલીસ મથકે અજાણ્યા ઈસમ સામે ચોરીનો ગુનો નોંધાયો છે. મળતી માહિતી મુજબ, ગોધરા તાલુકાના રાયસીંગપુર (નિશાળ ફળિયું) ખાતે રહેતા અને હાલોલ GIDC માં આવેલી એમ.જી. કંપનીમાં નોકરી કરતા વિપુલકુમાર રાજેન્દ્રસિંહ રાઠોડ તારીખ ૨૫/૦૭/૨૦૨૬ ના રોજ સાંજે પોતાની કાળા કલરની બ્લુ પટ્ટાવાળી પલ્સર ૧૨૫ સી.સી. મોટરસાયકલ (રજી. નં. GJ-17-CL-0672) લઈને નોકરી પર જવા નીકળ્યા હતા. દૌરાન ચોમાસાનો વરસાદ ચાલુ હોવાથી, તેઓ વેજલપુર સિદ્ધિ વિનાયક સોસાયટીમાં રહેતા અને સાથે નોકરી કરતા તેમના મિત્ર કરણભાઈ શૈલેષભાઈ ચૌહાણના ઘરે રોકાયા હતા. બીજા દિવસે સવારે ૫:૦૦ વાગ્યે નોકરી પરથી પરત આવીને જોતાં ઘરના આંગણામાં મુકેલી આશરે રૂ. ૭૦,૦૦૦ ની કિંમતની બાઈક ગાયબ જણાઈ હતી.

ગુરુપૂર્ણિમાએ તાજપુરા ખાતે નારાયણ ધામમાં ભક્તોનુ ઘોડાપુર

હાલોલ : નારાયણ ધામ તાજપુરા ખાતે બ્રહ્મલીન પ. પૂ. નારાયણ બાપુના અનુયાયીઓ નો બહોળો વર્ગ છે. જેમાં ગુજરાત ઉપરાંત પડોશી રાજ્યો મહારાષ્ટ્ર તેમજ મધ્ય પ્રદેશના અનુયાયીઓ સંખ્યામાં મોટા પ્રમાણમાં છે. ભક્તોમાં ગુરુ પૂર્ણિમાના રોજ ગુરુ વંદના કરવા માટે અનેરો ઉત્સાહ જોવા મળતો હતો. જેને લઈને ભક્તો ગુરુ પૂર્ણિમાના રોજ વહેલી સવારથી જ નારાયણ ધામ તાજપુરા તરફ જતા જોવા મળી રહ્યા હતા.

ગુરુપૂર્ણિમાના પાવન અવસરે પાવાગઢમાં ભક્તોનો મહાસાગર ઉમટ્યો

હાલોલ : સુપ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢ ખાતે ગુરુપૂર્ણિમાના પાવન અવસરે વહેલી સવારથી જ ભક્તોનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. રાજ્યના વિવિધ જિલ્લાઓ ઉપરાંત અન્ય રાજ્યોમાંથી પણ મોટી સંખ્યામાં યાત્રાળુઓ માતા મહાકાળીના દર્શન માટે પાવાગઢ પહોંચ્યા હતા. વહેલી સવારથી જ સમગ્ર ડુંગર અને મંદિર પરિસર ભક્તિમય વાતાવરણમાં રંગાઈ ગયું હતું. મંદિરમાં માતાજીના દર્શન માટે ભક્તોની લાંબી કતારો લાગી હતી. યાત્રાળુઓએ શિસ્તબદ્ધ રીતે કતારમાં ઉભા રહી માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

વોર્ડ-5માં સૌથી વધુ 80.72% મતદાન નોંધાયું

દેવગઢ બારિયા નગરપાલિકાની પેટા ચૂંટણીમાં 77.67% મતદાન

સ્થાનિક રાજકીય વર્તુળો સહિત મતદારોની નજર આગામી મતગણતરી અને પરિણામ પર મંડાઈ છે

(પ્રતિનિધી) દેવગઢબારિયા,તા.29

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા નગરપાલિકાની ત્રણ વોર્ડની કુલ છ બેઠકો માટે મંગળવારે યોજાયેલી પેટા ચૂંટણીમાં મતદારોનો ઉત્સાહ જનક પ્રતિસાદ જોવા મળ્યો હતો. સમગ્ર મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં કોઈ અનિચ્છનીય બનાવ વિના પૂર્ણ થઈ હતી. કુલ 7,406 નોંધાયેલા મતદારો પૈકી 5,752 મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરતાં કુલ 77.67 ટકા મતદાન નોંધાયું હતું. ચૂંટણી દરમિયાન પુરુષ મતદાન 79.59 ટકા જ્યારે મહિલા મતદાન 75.77 ટકા નોંધાયું હતું. વોર્ડવાર મતદાનની વાત કરીએ તો વોર્ડ નંબર-1માં કુલ 75.01 ટકા મતદાન થયું હતું. તેમાં પુરુષોનું 76.61 ટકા અને મહિલાઓનું 73.39 ટકા મતદાન નોંધાયું હતું. વોર્ડ નંબર-4માં કુલ 77.15 ટકા મતદાન નોંધાયું હતું. અહીં પુરુષ મતદાન 79.38 ટકા અને મહિલા મતદાન 75.00 ટકા રહ્યું હતું. જ્યારે વોર્ડ નંબર-5માં સૌથી વધુ 80.72 ટકા મતદાન નોંધાયું હતું. આ વોર્ડમાં પુરુષોનું મતદાન 82.63 ટકા અને મહિલાઓનું 78.81 ટકા રહ્યું હતું, જે ત્રણેય વોર્ડમાં સૌથી વધુ રહ્યું હતું. મતદાન દરમિયાન તમામ મતદાન મથકો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. મતદાન પૂર્ણ થતાં તમામ ઉમેદવારોનું રાજકીય ભાવિ મતપેટીમાં સીલ થઈ ગયું છે.

સામાજિક અગ્રણીઓ પોલીસ કર્મીઓ પર ફૂલોની વર્ષા કરી

કાલોલમાં કતલખાનાઓ પર કાર્યવાહીને મામલે પોલીસની કામગીરીને બિરદાવાઈ

(પ્રતિનિધી) કાલોલ, તા.29

કાલોલ તાલુકામાં તાજેતરમાં સામે આવેલા ગેરકાયદેસર ગૌવંશ કતલના કિસ્સા બાદ સ્થાનિક સામાજીક અગ્રણીઓ. મહિલા અગ્રણીઓ અને જાગૃત નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે કાલોલ મામલતદારને એક આવેદન પત્ર પાઠવીને દોષિતો સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની તેમજ ગેરકાયદે કતલખાનાઓ સામે ઝુંબેશ ચલાવવાની માંગ કરવામાં આવી છે. આવેદન પત્રમાં જણાવ્યા અનુસાર, કાલોલ તાલુકાના કસ્બા અને સડક ફળિયા વિસ્તારમાં પોલીસ દ્વારા પાડવામાં આવેલા દરોડા દરમિયાન ગેરકાયદેસર રીતે ગૌવંશની કતલ કરી માસનું વેચાણ કરવાનો મામલો પ્રકાશમાં આવ્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસે જીવંત ગાયોને ઉગારી લીધી હતી અને સંકળાયેલા આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસની આ સરાહનીય કામગીરીને બિરદાવવામાં આવી હતી. અને પોલીસ અધિક્ષક ડૉ હરીશ દુધાત તેમજ નાયબ પોલીસ અધિક્ષક કાલોલ નવીન આહિર અને પીઆઈ આર ડી ભરવાડ સહીત પોલીસ કર્મીઓ નો આભાર માની કાલોલ પોલીસ સ્ટાફ ની ઉપર ફૂલોની વર્ષા કરી હતી અને આગામી સમયમાં આવી જ રીતે કડક કાર્યવાહી કરાય તેવી માંગ પણ કરી હતી.

જાતિના દાખલા માટે વિદ્યાર્થીઓ-વાલીઓ કચેરીઓના ધક્કા

તલાટી આંદોલનથી દાહોદમાં મહેસૂલી સેવાઓ ઠપ થઈ

(પ્રતિનિધી) દાહોદ, તા.29

ગુજરાત રાજ્ય તલાટી-મંત્રી મહામંડળના રાજ્યવ્યાપી આંદોલનના ભાગરૂપે દાહોદ જિલ્લાના તલાટી-કમ-મંત્રીઓ મહેસૂલ વિભાગના ગામ નમૂના નં. 1 થી 18 સહિત પંચાયત, ગ્રામ વિકાસ અને અન્ય વિભાગોની કામગીરીથી અળગા રહેતા જિલ્લાના હજારો નાગરિકો મુશ્કેલીમાં મુકાયા છે. તલાટી-મંત્રી મહામંડળના જણાવ્યા મુજબ ભરતી, બઢતી, નોકરીની સુરક્ષા, વધતા કામના ભારણ તથા અન્ય લાંબા સમયથી પડતર પ્રશ્નોના ઉકેલ માટે સરકાર સમક્ષ અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી. છતાં પણ સંતોષકારક નિર્ણય ન આવતા રાજ્યવ્યાપી આંદોલનનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ આંદોલનની સીધી અસર હવે સામાન્ય જનતા પર જોવા મળી રહી છે. ખાસ કરીને શાળા અને કોલેજમાં પ્રવેશ માટે જરૂરી જાતિના દાખલા, આવકના દાખલા અને રહેઠાણના પ્રમાણપત્રો મેળવવા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ સરકારી કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા છે. સમયસર દાખલા ન મળતા અનેક વિદ્યાર્થીઓના પ્રવેશ, સ્કોલરશિપ અને અન્ય શૈક્ષણિક પ્રક્રિયાઓ અટવાઈ રહી છે, જેના કારણે બાળકોના ભવિષ્ય અને શિક્ષણ પર ગંભીર અસર થવાની ભીતિ ઉભી થઈ છે. ખેડૂતોને જમીન સંબંધિત કામગીરી, વારસાઈ નોંધણી, AgriStack Farmer Registration, ડિજિટલ ક્રોપ સર્વે, રેશનકાર્ડ E-KYC સહિતની વિવિધ સેવાઓમાં પણ વિલંબનો સામનો કરવો પડી રહ્યો છે.

જનતા હેરાન થાય તો જવાબદાર કોણ?

સૌથી મોટો પ્રશ્ન બની રહ્યો છે. જો કર્મચારીઓ લાંબા સમયથી પોતાની વાજબી માંગણીઓ સરકાર સમક્ષ રજૂ કરતા આવ્યા હોય અને તેનો ઉકેલ ન આવ્યો હોય, તો નીતિગત નિર્ણયમાં થયેલા વિલંબ અંગે સરકાર અને સંબંધિત વહીવટી તંત્ર સામે પ્રશ્નો ઊભા થાય છે. બીજી તરફ, જાહેર સેવાઓ બંધ થવાથી સામાન્ય નાગરિકોને થતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને કર્મચારી સંગઠનો પર પણ જાહેર હિતમાં વહેલી તકે સમાધાન માટે પ્રયત્ન કરવાની નૈતિક જવાબદારી રહે છે.